## || ૐ શ્રી સાઈરામ |

## ||ૐ શ્રી સાઈ અસહાયહાયાય નમ: || (૪૦).

## અસહાયને સહાય કરવાવાળા

## શ્રી સાઈને  અમારા નમસ્કાર છે.

વિશ્વના તારણહાર ભગવાન બાબા અસહાય લોકોને હંમેશાં સહાય (મદદ) કરતા હોય છે. તેમને આશ્રય આપીને કૃતાર્થ કરે છે. એટલું જ નહીં પણ ભગવાન બાબા ભક્તોને ઉદ્દેશીને કહે છે- ' અસહાય લોકોને સહાય કરવી, આ એક જ માર્ગ તમને ઈશ્વર સુધી લઈ જાય છે. તમારા પ્રતિ પ્રેમ તેના મનમાં ઉત્પન્ન કરે છે. ”

ભક્તોને  આ પ્રકારની સહાય કરતી વખતે ભગવાન બાબાને સ્થળ અને કાળનું બંધન હોતું  નથી. આના સંદર્ભમાં શ્રી એન. કસ્તુરીએ કહેલી આ એક હકીકત.

અમેરિકામાં સાનડિયેગોમાં એક મધ્યમ વયની મહિલા એક વિશાળ ઇમારતના એક ફ્લેટમાં એકલી જ રહેતી હતી. તેને સંધિવાની તકલીફ હતી. તેનો આ દુ: ખાવો ક્યારેક ક્યારેક એટલો વધતો, કે તેને અસહ્ય વેદના થતી. એકવાર, રાતના ૧૧ વાગ્યાની આસપાસ તેને આ દુખાવો ઉપડ્યો. તેની વેદના એટલી વધી કે તે જોર જોરથી ચીસો પાડવા લાગી-' કોઈ છે? કોઈ જ નથી? કોઈ મારી મદદ કરશે કે? ' અને અચાનક તેણે જોયું કે, તેના માથા પાસે સ્વામી ઊભા હતા. તેમણે તેના માથા પર હાથ મૂક્યો અને બોલ્યા-' આટલી મોટેથી ચીસો કેમ પાડે છે? હું તો અહીંયાં જ છું. અને ત્યાર પછી તે મહિલાની વેદના ઓછી થવા લાગી.

આના પર ભાષ્ય કરતા શ્રી. કસ્તુરી કહે છે ' પ્રત્યેક વ્યક્તિ માત્રને ખબર હોવી આવશ્યક છે કે, આપણે ક્યારેય એકલા હોતા નથી, કોઈ આપણી સાથે હંમેશાં હોય છે. પછી આપણને તેનું નામ અને સરનામું ખબર હોય કે ન હોય.'

કેવળ સ્વામી જ નહીં પણ, સ્વામી ભક્ત પણ તેમની જ પ્રેરણાથી જરૂરિયાતમંદને મદદ કરતા હોય છે. તે બાબતની આ એક ઉપદેશાત્મક કથા.

મહારાષ્ટ્ર રાજ્યના રત્નાગિરી શહેરમાં રહેતી આર્થિક રીતે દુર્બળ એવી એક વ્યક્તિની તબિયત બગડી, ડૉક્ટરોને બતાવતા, તેમણે હ્દય રોગનું નિદાન કર્યું અને એમ પણ કહ્યું કે, આનો ઉપચાર મુંબઇમાં થશે. ક્યાંકથી થોડા પૈસા ભેગા કરીને તે વ્યક્તિ મુંબઈ આવી. મહાનગરપાલિકાના

દવાખાનામાં જઇને ચકાસણી (ચેકઅપ) કરાવી લીધી. તે ડોક્ટરોએ પણ હૃદયરોગનું જ નિદાન કર્યું. પરંતુ, તેમને ત્યાં આની શસ્ત્રક્રિયા થતી નથી એમ કહ્યું. તે વ્યક્તિને શું કરવું કાંઈ જ સમજાતું નહોતું. અત્યંત નિરાશ થઇને તે પાછો ઘરે જવા નીકળ્યો. ટ્રેનમાં તેને એક ઇસમ મળ્યો. તેણે આની પૂછપરછ કરી આ વ્યક્તિએ તેને પોતાની દુ: ખદ આપવીતી કહી. ત્યારે તે ઇસમ બોલ્યો- "નિરાશ થઇશ નહી. હૃદયની બધી શસ્ત્રક્રિયા સત્યસાઈ બાબાની હોસ્પિટલમાં થાય છે અને તે પણ વિનામૂલ્ય." આ સાંભળતા જ તેને ખૂબ આનંદ થયો. આશાના કિરણ દેખાવા લાગ્યા. રત્નાગિરી પહોંચ્યા પછી તેણે આ હોસ્પિટલ વિશે પૂછપરછ કરી, પરંતુ કોઈએ તેને યોગ્ય માહિતી આપી નહીં. પરંતુ, એક માહિતી માત્ર તેને મળી તે રત્નાગિરીની શ્રી સત્યસાઈ સમિતિની. આ માહિતી મળતા જ તે ત્યાંના અધ્યક્ષને મળ્યો. તેમણે તેને પટ્ટપર્તિ કેવી રીતે જવું, હોસ્પિટલમાં જતી વખતે બધા રિપોર્ટસ કેવી રીતે લઈ જવા, એ તો કહ્યું જ, પરંતુ ત્યાં સુધી જવાની ટિકિટની અને અન્ય ખર્ચની રકમની પણ વ્યવસ્થા કરી આપી. ખૂબ જ આશા લઈને તે પુટ્ટપર્તિ ગયો.

અને થોડા દિવસ પછી નિરાશ થઈને પાછો આવ્યો. આવતાની સાથે જ તે ફરીથી સમિતિના અધ્યક્ષને મળ્યો, અને તેમની સામે પોતાનું દુ:ખ વ્યક્ત કર્યું. પુટ્ટપર્તિની હોસ્પિટલમાં બધી ચકાસણી (ચેકઅપ) થયા પછી તેને તેના હૃદયના વાલ્વ બગડયાની ખબર પડી. તેમજ વાલ્વ બદલવાની શસ્ત્રક્રિયા હમણાં સ્થગિત કરવાનું તેને કહેવામાં આવ્યું. કારણકે દર્દી શસ્ત્રક્રિયા થયા પછી નિયત મુદતમાં તપાસવા માટે આવવાનું ટાળતા હતા. જે તપાસણી અત્યંત આવશ્યક હોય છે. આપણે પૂરી રીતે સ્વસ્થ થયાની સમજણમાં કેટલાક દર્દીનું મૃત્યુ થયું હતું. એટલે આ શસ્ત્રક્રિયા હમણાં સ્થગિત કરી હતી.

તે દર્દી પૂર્ણપણે નિરાશ થયો હતો. પરંતુ તે અધ્યક્ષે હાર માની નહોતી. તેમણે મુંબઈના અન્ય સાઈભક્ત.તેમજ કેટલીક સ્વયંસેવી સંસ્થાઓનો સંપર્ક સાધ્યો. તેમની પાસેથી આર્થિક મદદ મેળવી. તેમણે પણ થોડી રકમ ઉમેરીને તેને મુંબઈ રવાના કર્યો. મુંબઈની કે.ઈ.એમ. હોસ્પિટલમાં તે દાખલ થયો. તેની બધી ચકાસણી કરીને તેની શસ્ત્રક્રિયાનો સમય નિશ્ચિત કરવામાં આવ્યો.

અને જે દિવસે ઓપરેશન (શસ્ત્રક્રિયા) હતું, તે દિવસે સવારે એક અઘટિત ઘટના ઘટી. એક વોર્ડબોય તે દર્દી પાસે આવ્યો અને બોલ્યો-' તારું ઓપરેશન અહીંયાં થશે નહીં, તેથી તું તરત જ અહીંથી નીકળી જા. ' આ સાંભળતા જ તે દર્દીનો સંયમ તૂટ્યો. તેમાંજ તે વોર્ડબોય તેને બળજબરીથી પલંગ પરથી નીચે ખેંચવા લાગ્યો. તે બિચારો રડવા જેવો થઈ ગયો અને એટલામાંજ ભગવાને દેવદૂત મોકલ્યો હોય એમ એક સ્વામી ભક્ત ત્યાં પહોંચ્યા. તે દર્દીની શસ્ત્રક્રિયા (ઓપરેશન) હોવાનું સમજતા તે ત્યાં આવ્યા હતા. પરંતુ સામેનું દશ્ય જોતા જે તેમણે રુદ્રાવતાર ધારણ કર્યો. તે

વોર્ડબોયની ખબર તો તેમણે લીધી જ, પરંતુ તરત જ હોસ્પિટલનાં ડીનને જઈ ને તે મળ્યાં. પછી બધું ઠીક થયું. બીજો સમય નિશ્ચિત કરીને તે દર્દી ઉપર શસ્ત્રક્રિયા કરવામાં આવી. શસ્ત્રક્રિયા યશસ્વી થઈ અને તે દર્દી પૂરી રીતે પૂર્ણ પણે સાજો થઈ ગયો.

આ જો સ્વામીભક્ત તે સમયે હોસ્પિટલ પહોંચ્યા ન હોત તો? પણ એવું કાંઈ થવાનું નહોતું. અસહાય લોકોને સહાય કરવાવાળા સ્વામીની પ્રેરણાથી જ તે યોગ્ય સમયે ત્યાં પહોંચ્યા હતા અને એક અસહાય વ્યક્તિની સહાય (મદદ) કરી, તે એક માધવસેવા તરીકે જ.!

‘ ત્રસ્ત અને અસહાય લોકો ને કહે જે આપણો

તેને જ સાધુ માનવો, તેમાં જ દેવ જાણવો.'

આ સંત તુકારામનું વચન આજે વાસ્તવિક થયું હતું.

||ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ||